# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

--------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# GANDHINAGAR FITNESS KAUBHAND

ગાંધીનગરના ચિલોડામાં વાહન ફિટનેસ કૌભાંડ ઝડપાયું છે. અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે એસએસ સ્ટોન ઓટોમેટિક ટેસ્ટિંગ નામના ખાનગી ફિટનેસ કેન્દ્રએ એક હજાર 126 વાહનોના ફિટનેસ ટેસ્ટ લીધા હતા, જેમાં 669 વાહનોની ભૌતિક ચકાસણી કરવામાં આવી ન હતી. કેન્દ્રએ વાહનોના જૂના ફોટા સાથે છેડછાડ કરી ટેસ્ટ રિપોર્ટમાં મૂક્યા હતા. આ અંગે RTO ઇન્સ્પેકટર ડી બી વણકરે વધુ માહિતી આપી.

(બાઇટ: ડી બી વણકર, ARTO)

. . . . . . . . . . . .

# GANDHINAGAR BJP MEET

ગાંધીનગર ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી રાધામોહનદાસ અગ્રવાલ અને સંગઠન મહામંત્રી રત્નાકરની અધ્યક્ષતામાં બેઠક ચાલી રહી છે. આ બેઠકમાં વકફ જન જાગરણ અભિયાન અંગે ચર્ચા કરાઇ. આ પ્રસંગે રાધામોહન દાસ અગ્રવાલે જણાવ્યું કે સામાન્ય રીતે ગેરકાયદેસર કબજો એ કોઈ ધર્મનો અધિકાર નથી.

(બાઈટ: રાધામોહન દાસ અગ્રવાલ)

. . . . . . . . . . . .

# PATAN ACCIDENT

પાટણ જિલ્લાના સમી-રાધનપુર હાઇવે પર આજે સર્જાયેલા અકસ્માતમાં 6 લોકોનાં મોતના અહેવાલ છે. પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે માતાના મઢથી હિંમતનગર તરફ જતી એસટી બસ અને રીક્ષા વચ્ચે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

. . . . . . . . . . . .

# ARAVALLI VERA VASULAT

અરવલ્લી જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોમાં વર્ષ 2024-25 માં 21 કરોડ ત્રણ લાખ રૂપિયાની વેરા વસુલાત કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં 80% થી વધુ વસૂલાત કરવામાં આવેલી ગ્રામ પંચાયતોની સંખ્યામાં પણ વધારો નોંધાયો હોવાનું જિલ્લા વિકાસ અધિકારી દીપેશ કેડિયાએ જણાવ્યું હતું...

(બાઈટ : દીપેશ કેડિયા, DDO, અરવલ્લી)

. . . . . . . . . . . .

# RAJKOT BADMINTON

રાજ્યભરમાં ચાલી રહેલા ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કાનાં ભાગ રૂપે રાજકોટમાં આજે સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે રાજ્યકક્ષાની બેડમિન્ટન સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે ધારાસભ્ય ડોક્ટર દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, ૨૦૧૦ માં ખેલ મહાકુંભનો પ્રારંભ થયા બાદ ૧૫ વર્ષના ગાળામાં ૬૬ લાખથી વધુ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો છે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ રમતગમતનો વ્યાપ વધે તે માટે ખેલ મહાકુંભ જેવા આયોજનો જરૂરી હોવાનું જણાવ્યું.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટના ઉપક્રમે શરૂ થયેલી ઓપન એજ ગ્રુપ તેમજ ૪૦ અને ૬૦ વર્ષ ઉપરના ભાઇઓ અને બહેનો માટેની આ સ્પર્ધા 21 એપ્રિલ સુધી ચાલશે.

. . . . . . . . . . . .

# PADM AWARDS APPLICATION

રાજ્ય સરકાર દ્વારા કલા, સમાજ સેવા, જાહેર બાબતો, વિજ્ઞાન, ઉદ્યોગ તબીબી, સાહિત્ય અને રમત-ગમત જેવાં ક્ષેત્રમાં જીવન પર્યંત અસાધારણ યોગદાન આપવા બદલ પદ્મ એવોર્ડ-2026 માટે રાજ્ય સરકાર દ્વારા અરજીઓ મંગાવવામાં આવી છે. રાજ્યના નાગરીકો પદ્મ પુરસ્કારનાં આવેદન કરવા માટે કેન્દ્ર સરકારની

વેબસાઈટ www.padmaawards.gov.in પર અરજી કરી શકશે એમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

રાજ્ય સરકાર તરફથી પોતાના નામ માટે ગુજરાત સરકારની ભલામણ મેળવવા 30 જૂન 2025 સુધીમાં પદ્મ પુરસ્કારની વેબસાઈટ પર ઉપલબ્ધ નિયત નમુનામાં જિલ્લા કલેક્ટર મારફતે સામાન્ય વહીવટ વિભાગમાં દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

. . . . . . . . . . . .

# PATAN BUS STATION

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં નવનિર્મિત એસટી બસ સ્ટેશનનું સાંસદ ભરતસિંહ ડાભી અને ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલે લોકાર્પણ કર્યું. ચોરમારપુરા ખાતે 3 કરોડ 13 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ નવા એસટી બસ સ્ટેશનના લોકાર્પણથી અનેક ગામોના લોકોને એસટીની મુસાફરીનો લાભ મળશે.

આ પ્રસંગે ભરતસિંહ ડાભીએ જણાવ્યું, રાજ્યમાં નવા બસ સ્ટેશન બનાવવા સાથે સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . .

# MSME GUNVATTA YATRA SURENDRANAGAR

ગુજરાતના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટેનાં વ્યવસ્થાતંત્રને વધુ મજબૂત બનાવવા સુરેન્દ્રનગર ખાતે ગુણવત્તા યાત્રા યોજાઈ હતી.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું કે, સુરેન્દ્રનગર જિલ્લો કાપડ અને મીઠા ઉદ્યોગોના કારણે દેશભરમાં પ્રખ્યાત છે. જિલ્લાની પ્રખ્યાત પટોળા સિલ્ક સાડીઓએ પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. તેમણે MSME માલિકોને સ્થાનિક ઉત્પાદન અને સેવાની ગુણવત્તા અને રાષ્ટ્રીય વિકાસ વચ્ચે સેતુ તરીકે કામ કરવા અનુરોધ કર્યો હતો.

આ યાત્રામાં ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ, ગુણવત્તા નિષ્ણાંતો, સરકારી અધિકારીઓએ ટકાઉ ઔદ્યોગિક વિકાસ માટેના ઉપાયો વિશે ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . .